# જાહેરનામું

## પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૬૦૪ /૨૦૧૬
## તા. ૪ /૧૧/૨૦૧૬

હું, એ.કે.સિંઘ, IPS, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં નીચે જણાવેલ લોકેશન ખાતે મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત કંન્ટ્રકશનનું કામ શરુ કરવાનું હોવાથી ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને કોઇ મોટી ટ્રાફીક સમસ્યા ઉદભવે નહી તે હેતુસર નીચે મુજબના શહેરના રસ્તાઓ બંધ કરવા/ડાયવર્ઝન કરવા નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત તા.૦૪/૧૧/૨૦૧૬ થી તા.૨૮/૦૨/૨૦૧૭ સુધી નીચે પ્રમાણેના રસ્તાઓ વાહન વ્યવહાર માટે બંધ/ડાયવર્ઝન કરવામાં આવે છે.

- રબારી કોલોની ચાર રસ્તાથી સ્વસ્તિક ચાર રસ્તા સુધી મેટ્રો રેલનાં કામ માટે ૧૨ મીટર પહોળાઇમાં મેટ્રોની બેરીકેડ કરવાની હોઇ જેથી રોડની બન્ને બાજુ 1½ મીટર રસ્તો ખુલ્લો રહેશે. રબારી કોલોની ચાર રસ્તા સ્વસ્તીક ચાર રસ્તા તરફ કોઇપણ ફોર વ્હીલર કે થ્રી-વ્હીલર વાહનો જઇ શકશે નહી માત્ર નાના ટુ-વ્હીલર જઇ શકશે.

PRO

<u>ડાયવર્ઝન રૂટ</u> :

- સુરેલીયા એસ્ટેટ,વન્ડર પોઇન્ટ, રામરાજ્યનગર તરફથી આવતો ટ્રાફીક જેમને સ્વસ્તિક ચાર રસ્તા જવુ છે તે સીધા સ્વસ્તિક ચાર રસ્તા જવાના બદલે રામરાજ્યનગર ચાર રસ્તા થઇ નાગરવેલ હનુમાન તરફ થઇ જઇ શકાશે અથવા વન્ડર પોઇન્ટ ચાર રસ્તાથી હાટકેશ્વર સર્કલ તરફ જઇ શકશે.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ જાહેરનામું પ્રસિદ્ધ થયેથી તા.૨૮/૦૨/૨૦૧૭ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીના હોદ્દો ધરાવનાર તમામ

અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૪ /૧૧/૨૦૧૬ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા. ૪ /૧૧/૨૦૧૬

અમદાવાદ.

City Commissioner of Police * Ahmedabad *

(એ.કે.સિંઘ)

પોલીસ કમિશ્નર

અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા

૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.

(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.

(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, ઘી કાંટા, અમદાવાદ શહેર.

(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ, (૫ નકલ)

રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર. (૫ નકલ)

રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર (૫ નકલ)

ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર. (૫ નકલ)

(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.

(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર

(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર

(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર (૨ નકલ)

૨/- જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

નકલ રવાના :-

(૧) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી,સેકટર-૧ અને ૨, ટ્રાફીક તથા મુખ્ય મથક , વિશેષ શાખા,વહીવટ, અમદાવાદ શહેર

(૨) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.

(૩) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ અમદાવાદ શહેર.

(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર

૨/- જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૫) તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ.......................................... અમદાવાદ શહેર

૨/- જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.

(૬) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક બ્રાન્ચ,અમદાવાદ શહેર (૮ નકલ)

૨/- ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.